# ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૦૩ (૨૦૧૫-૨૦૧૬)

ગુ.રા.મા.વા.વ્ય.નિગમના ફંડ અંતર્ગત **મુખ્ય બાંધકામ ઈજનેર, ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, બાંધકામ ખાતુ, વહીવટી બિલ્ડીંગ, મધ્યસ્થ યંત્રાલય, કૃષ્ણનગર નરોડા, અમદાવાદ-૩૮૨૩૪૬** તરફથી અધિકૃત વિક્રેતા પાસેથી નિગમના ૧૬ વિભાગો માટે ૮૦૦ નંગ ટી-૫ ટ્યુબ લાઈટ સંપુર્ણ ફિટીંગ અને ૮૦૦ નંગ ટી-૫ ટ્યુબ સ્ટીક સપ્લાય કરવા અન્વયેના મહોર બંધ ભાવપત્રકો મંગાવવામાં આવે છે. જે કોલમ નં. ૬ માં દર્શાવેલ તારીખના રોજ આ કચેરીને આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. ઉત્પાદક/અધિકૃત વિક્રેતાઓ દ્વારા તેઓના ખરાઈ અન્વયેના દસ્તાવેજોની પ્રમાણીત નકલ તેમજ પાન નંબર, ઈન્કમટેક્ષ અંગે ફાઈલ કરેલ પેપર્સની પ્રમાણીત નકલ, ભાગીદારી દસ્તાવેજો વિગેરે ટેન્ડર ફોર્મ મેળવતા સમયે રજુ કરવાના રહેશે. આ પ્રકારનાં ઈલેકટ્રીક માલ સપ્લાયના ટેન્ડરરે ધ્યાને લેવાનું રહેશે કે, સરખાજ પ્રકારની કામગીરી એસ.ટી. નિગમ કે સરકારશ્રીના સબંધીત વિભાગોમાં છેલ્લા ત્રણ વર્ષમાં તેટલીજ રકમના જથ્થાના સપ્લાય કર્યા બાબતની પ્રમાણીત નકલો નિયત તારીખ સુધીમાં નિયત ટેન્ડર ફિ રોકડે કે ડીમાન્ડ ડ્રાફટ રજુ કર્યેથી કોરૂં ટેન્ડર ફોર્મ બાંધકામ ખાતાની હિસાબી શાખા માંથી કચેરીના કામ-કાજના સમય દરમ્યાન મળી શકશે.

| નં. | વિભાગનું નામ | કામનું નામ | ટેન્ડરની અંદાજીત રકમ | (૧) બાનાની રકમ<br>(૨) ભાવ પત્રકની કિંમત | (૧) ભાવપત્રક આપવાની તારીખ<br>(૨) ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | એસ.ટી. નિગમનાં ૧૬ વિભાગ | ટી-૫ ટ્યુબ લાઈટ ફિટીંગ અને ટી-૫ ટ્યુબ સ્ટીક ૫૦-૫૦ નંગ નિગમનાં ૧૬ વિભાગોમાં કુલ ૮૦૦ નંગ સપ્લાય કરવા અંગે. (અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત, ભુજ, ભરૂચ, રાજકોટ, જામનગર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, વલસાડ, હિંમતનગર, મહેસાણા, પાલનપુર, ગોધરા) | ૪૯૬૦૦૦.૦૦ | ૪૯૬૦.૦૦<br>૬૦૦.૦૦ | (૧) તા.૧૭/૦૭/૧૫ થી તા.૨૪/૦૭/૧૫<br>(૨) તા.૩૧/૦૭/૧૫ |

ઉપરોકત કામોની બાનાની રકમ માટે મુખ્ય બાંધકામ ઈજનેરશ્રી, અમદાવાદનાં નામનો લેટેસ્ટ આર.બી.આઈ. ની સુચના મુજબનો ડીમાન્ડ ડ્રાફટ મધ્યસ્થ કચેરી ખાતે જમા કરાવવાનો રહેશે. બાનાની રકમ સિવાયના ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહીં. બાનાની રકમ ભર્યા અંગેની પહોંચ અથવા ડીમાન્ડ ડ્રાફટ ભાવપત્રકના સપોર્ટીંગ ડોક્યુમેન્ટ સાથે મધ્યસ્થ કચેરી ખાતે રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટ સ્વીકારવામાં આવશે. **અધિકૃત વિક્રેતાએ ડોક્યુમેન્ટ રજુ કરતી વખતે પરબીડીયા ઉપર સપ્લાયનાં કામનું નામ, ભાવપત્રક ઉપર ટેન્ડર મોકલવાની તારીખ સ્પષ્ટ રીતે વંચાય તેમ લખવી ખાસ જરૂરી છે.**

ઉપરોકત કામની જાહેર નિવિદાની વિગતો www.statetenders.com તથા www.gsrtc.in ઉપર જોઈ શકાશે,

(૧) ટેન્ડર ભરનાર ટેન્ડર મોકલે એમાં એવું અભિપ્રેત છે કે એણે આ નોટીસ અને વિગતો, અધિકૃત વિક્રેતાને લગતા બીજા બધા દસ્તાવેજો વાંચ્યા છે અને ટી-૫ ટ્યુબ લાઈટ તથા ટી-૫ ટ્યુબ સ્ટીક સપ્લાય કરવાનું કાર્યક્ષેત્ર અને વિશિષ્ટ વિગતો અને સપ્લાય કરવાના અમલ પર અસર કરતા બીજા પાસા અંગેની જાણકારી મેળવી છે.

(૨) ટેન્ડર ભરનારે ટેન્ડરમાં ભરેલ ભાવના ટકા આંકડા તેમજ શબ્દોમાં જણાવવા. દરેક બાબત માટેની રકમ ગણી કાઢવી અને જરૂરી સરવાળા કરવા. ભાવ, ટકા, આંકડા તેમજ શબ્દોમાં બંનેમાં લખવા અને રકમ ફક્ત આંકડામાં એવી રીતે લખવી કે પાછળથી તેમાં કોઈ ફેરફાર કરી શકાય નહીં. કુલ રકમ આંકડામાં અને શબ્દોમાં બંનેમાં દશાંસના બે આંકડા સુધી અચુક રકમ લખેલ હોવી જોઈએ.

(3) ટેન્ડરના નમુનામાં જ બધા ભાવો જણાવવાના રહે છે.

(૪) જે એજન્સીએ આ કામ માટે ટેન્ડર ભર્યું/ ભરવાના હોય તેણે/ તેમણે એજ કામ માટેના સાક્ષી થનારાનાં ટેન્ડરો રદ્દ થવાને પાત્ર થશે.

(૫) ટેન્ડર ભરનારે આ નોટિસમાં અને ટેન્ડરનાં દસ્તાવેજોમાં જણાવેલી દરેક શરતોનું પાલન થતું હોય એવું ટેન્ડર રજુ કરવાનું રહેશે.

(૬) ખરીદ હુકમ મળ્યેથી એસ.ટી. નિગમનાં નિર્દેશીત ૧૬ વિભાગોમાં ૫૦ નંગ ટી-૫ ટ્યુબ લાઈટ ફિટીંગ અને ૫૦ નંગ ટી-૫ ટ્યુબ સ્ટીક એમ ટેન્ડર મુજબ કુલ ૮૦૦ નંગ જે તે સ્થળે સપ્લાય સમયમર્યાદામાં પુર્ણ કરવાના રહેશે. સમયમર્યાદામાં વધારો થશે તો સદર બાબતે કરારના ક્લોઝ મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે. જે બાબતો ખાસ ધ્યાને લેવા વિનંતી.

(૭) ભાવપત્રકના કવરમાં ટેન્ડર ફી તેમજ ઈ.એમ.ડી.નો ડ્રાફ્ટ / ઈ.એમ.ડી. ભર્યાની રસીદ મુકવી ફરજીયાત છે,

(૮) ભાવપત્રકનાં કવરમાં આવતા ડોક્યુમેન્ટની સાથે સાથે ટી-૫ ટ્યુબ લાઈટ ટેસ્ટીંગ સર્ટીફીકેટની વિગતો ટેન્ડર ભરનાર એજન્સીઓએ ઓથોરાઈઝડ સહી કરીને અવશ્ય મોકલી આપવાનું રહેશે.

(૯) કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય અથવા તમામ ભાવપત્રકો સ્વીકારવાનો યા રદ્દ કરવાનો હક્ક નિગમ અબાધિત રાખે છે.

(૧૦) ટેન્ડર મોકલતી એજન્સીઓએ ખાસ ધ્યાન લેવું કે ટેન્ડર કવર ઉપર પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, લેન્ડ લાઈન નંબર, ફેક્સ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ અવશ્ય લખવો.

(૧૧) ટ્યુબ લાઇટ સપ્લાય કારવાનાં તમામ ટેક્ષ, ટ્રાન્સપોટેશન (લોડીંગ/ અનલોડીગ) તથા સુચવ્યા મુજબનાં જે તેસ્થળો પર પહોંચતા કરવા સહિતના ભાવો ભાવપત્રકમાં ભરવાનાં રહેશે.

**બાંધકામ ખાતુ,**

નં. એસટીજી-સીઈ-ટી-એકા-૨૦૧૫-૨૦૧૬-૩૭૪૯

ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, વહીવટી બિલ્ડીંગ

નરોડા, અમદાવાદ . તા.૧૬/૦૭/૨૦૧૫

**મુખ્ય બાંધકામ ઈજનેર**

**ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ.**

નકલ સ. રવાના :-

(૧) એકા. ઓફિસશ્રી, (વર્કસ/ઓડિટ) એસ.ટી., મ.ક., અમદાવાદની જાણ તથા ભાવપત્રકો ખોલવાના દિવસે હાજર રહેવા માટે.

(૨) વિ.નિ.શ્રી, અમદાવાદ, વડોદરા, નડીયાદ, ભરૂચ, સુરત, વલસાડ, મહેસાણા, હિંમતનગર, પાલનપુર, રાજકોટ, જામનગર, ગોધરા, અમરેલી, જુનાગઢ, ભુજ, ભાવનગર.

(૩) ના.ઈ.શ્રી, એસ.ટી. પેટા વિભાગ અમદાવાદ, વડોદરા, નડીયાદ, ભરૂચ, સુરત, વલસાડ, મહેસાણા, હિંમતનગર, પાલનપુર, રાજકોટ, જામનગર, ગોધરા, અમરેલી, જુનાગઢ, ભુજ, ભાવનગર.

(૪) સીટી એન્જીનીયરશ્રી, અમદાવાદ મહાનગરપાલીકા, અમદાવાદની જાણ તથા નોટીસ બોર્ડ ઉપર મુકવા વિનંતી.

(૫) ના.ઈ. (સીવીલ), ના.ઈ. (ટેક), ડી.એ., સીની.કેશીયર., સીની.આસી., બાંધકામ ખાતુ, વહિવટી બિલ્ડીંગ, નરોડા, અમદાવાદ.

(૬) કર્મચારી નિરિક્ષક, બાંધકામ ખાતુ, વહિવટી બિલ્ડીંગ, નરોડા, અમદાવાદની જાણ તેમજ જે તે કામના ભાવપત્રકો જે તે તારીખે રજીસ્ટર પોસ્ટથી સ્વીકારવાના અને તે તારીખે સીની.કેશીયરને રૂબરૂ આપવા.

(૭) કાર્યાલય નોટીશ બોર્ડ માટે.